ગાંધીનગર સમાચાર

# આરાધના વિદ્યાવિહાર ખાતે નારી સશક્તિકરણ કાર્યક્રમ



વેદ કૅમ્પસ સંલગ્ન આરાધના વિદ્યાવિહાર ખાતે નારી સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાનાં કૉર્પોરેટર હિરલ જોષી ઉપસ્થિત રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ માટે નારી સશક્તિકરણ વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને અતિથિના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

# વિદ્યાર્થીઓ માટે બે દિવસનો સૅમિનાર યોજાયો





ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે બે દિવસના સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે 'ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ' વિષયે ખ્યાત સીએ બ્રિજેશ ઠક્કર દ્વારા વિદ્યાર્થીઓને વિગતે માહિતી પૂરી પાડવામાં આવી હતી. બીજા દિવસે સીએ જૈમીનગિરી ગોસ્વામી દ્વારા ઈ-'આઈટીઆર અને પાન કાર્ડ' વિષયે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

સૅમિનારને સફળ બનાવવા એકાઉન્ટન્સી વિભાગના ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. નીના ગણેશન, ડૉ. પૂનમ લોહાણા, પ્રૉ. જિજ્ઞેશ તોગડિયા, પ્રૉ. ઋચિ યાજ્ઞિક, પ્રૉ. વિરાજ રાઠોડ અને પ્રૉ. ખુશ્બુ પટેલે સક્રિય સહયોગ આપ્યો હતો. કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## જન્મદિને વધામણી



હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



અલ્પેશ કે ચૌહાણ
મો. ૯૬૨૪૩ ૭૦૭૩૫



ધ્વનિ દિક્ષિત બ્રહ્મભટ્ટ



માહી દશરથસિંહ ખેર



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખઆતે ફલેગ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૧ અને ૨ના તમામ વિદ્યાર્થીઓએ સુંદર મજાના ફલેગ બનાવીને આ ઉજવણીમાં ભાગ લીધો હતો.ત શિક્ષકોએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રીય તહેવારની ઉજવણીનાં મહત્ત્વ વિશે બાળકોને સમજ આપી હતી.

### શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને શ્રી ચૌધરી કૉમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે

# મહિલા દિનની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને શ્રી ચૌધરી કૉમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત પ્રથમ દિવસે મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની રૂપરેખા આચાર્ય ડૉ. ઍમ ઍમ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી. ડીવાયઍસપી ભરતભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત પીઆઈ પી સી વાલેરાએ વિદ્યાર્થિનીઓને મુંઝવતા પ્રશ્નોનું તજજ્ઞના માધ્યમથી નિરાકરણ લાવીને કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો. પીઆઈ મનીષા પુવાર દ્વારા કાયદાકીય જોગવાઈઓની સમજ વિદ્યાર્થિનીઓને આપવામાં આવી હતી. પીઆઈ તરલ ભટ્ટ દ્વારા વિદ્યાર્થિનીઓને ગુનાનો શિકાર ન બની જવાય તે માટે કઈ સાવધાની રાખવી તેની માહિતી વિગતે આપી હતી. કાર્યક્રમનું સંકલન કૉલેજમાં ચાલતી વિમૅન્સ ડેવલપમૅન્ટ કમિટીના બૅનર તળે ડૉ. લીના સ્વાદિયા અને વિદ્યાર્થી પ્રતિનિધિ હિરલ પટેલ તથા શિલ્પા સિંધવ દ્વારા, સંચાલન ડૉ. લીના સ્વાદિયા દ્વારા અને આભાર દર્શન પ્રા. ફાલ્ગુનીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



# શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ કોબા-અડાલજની મુલાકાતે



ગાંધીનગર, તા. ૭

શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૬ના ૧૬૧ વિદ્યાર્થીઓ તથા ૫ શિક્ષકોએ અભ્યાસના ભાગરૂપે જૈન આરાધના કેન્દ્ર, કોબા અને અડાલજની ઐતિહાસિક વાવની મુલાકાત લીધી હતી.

જૈન આરાધના કેન્દ્રમાં વિદ્યાર્થીઓએ ભોજપત્રો, તાડપત્રો, તામ્રપત્રો, શિલાલેખો અને મ્યુઝિયમ જોઈ તેના વિશે માહિતી પ્રાપ્ત કરી હતી.

અડાલજમાં વાવ જોઈ, તેના ઈતિહાસ વિશે સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરી હતી અને આસપાસના રમણીય વિસ્તારનો પણ આનંદ લીધો હતો.

# મૅજિક હૅટ પ્રિસ્કૂલ ખાતે ગ્રીન ડેની ઉજવણી કરાઈ



મૅજિક હૅટ પ્રિસ્કૂલ ખાતે ગ્રીન ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગ્રીન કલરનાં વસ્ત્રોમાં સજ્જ થઈ ગ્રીનરી વધારવા માટે પ્રયાસો કર્યા હતા. પ્રત્યેક વિદ્યાર્થીએ એક રોપાનું આરોપણ કરી તેના જતન માટેની તૈયારી દર્શાવી હતી.

# હૃદયમંથન

॥ બીજો મણકો ॥

જે બ્રહ્મચર્યનાં આવાં પરિણામો આવી શકે એ બ્રહ્મચર્ય સહેલું ન હોય, તે કેવળ શારીરિક વસ્તુ ન હોય. શારીરિક અંકુશથી બ્રહ્મચર્યનો આરંભ થાય છે. પન શુદ્ધ બ્રહ્મચર્યમાં તો વિચારની મલિનતા પણ ન હોવી જોઈએ. સંપૂર્ણ બ્રહ્મચારીનાં સ્વપ્રમામ્ પણ વિકારી વિચાર ન હોય, ને જ્યાં સુધી વિકારી સ્વપનાં સંભવે ત્યાં લગી બ્રહ્મચર્ય બહુ અપૂર્ણ છે એમ માનવું જોઈએ.





મને કાયિક બ્રહ્મચર્યના પાલનમાં પણ મહા કષ્ટ વેઠવું પડ્યું છે. અત્યારે એમ કહી શકાય કે તેને વિષે હું નિર્ભય બન્યો છું. પણમરા વિચારોની ઉપર જે જય મારે મેળવવો જોઈએ તે મને મળી શક્યો નથી. મારા પ્રયત્નમાં ન્યૂનતા હોય એમ લગતું નથી. પણ ક્યાંથી અને કઈ રીતે આપણે ન ઈચ્છીએ તે વિચારો પણ રોકવાની ચાવી મનુષ્ય પાસે છે એ વિષે મને શંકા નથી. પણ એ ચાવી દરેકે પોતને સારુ શોધવી રહી છે એવા નિર્ણય ઊપર અત્યારે તો હું આવ્યો છું. મહપુરુષો આપણે સારુ પોતાના અનુભવો મૂકી ગયા છે તે માર્ગદર્શક છે. તે સંપૂર્ણ નથી. સંપૂર્ણતા એ કેવળ પ્રભુ પ્રસાદી છે, અને એથી જ ભક્તો પોતાની તપશ્ચર્યાથી પુનિત કરેલા અને આપણને પાવન કરનારા રામનામાદિ મંત્રો મૂકી ગયા છે. સંપૂર્ણ ઈશ્વરાર્પણ વિના વિચારોની ઉપર સંપૂર્ણ જય ન જ મળી શકે. આ વચન બધાં ધર્મપુસ્તકોમાં વાંચ્યું છે ને તેનું સત્ય હું આ બ્રહ્મચર્યન સૂક્ષ્મતમ પાલનના પ્રયત્નને વિષે અનુભવી રહ્યો છું.

પણ મારાં વલખાંનો થોડોઘણો ઈતિહાસ તો હવેના પ્રકાર્ણોમાં આવવાનો જ છે. અ પ્રકણને અંતે તો એટલું જ કહી દઉં કે મારા ઉત્સાહમાં મને પ્રથમ તો વ્રતનું પાલન સહેલું લાગ્યું. એક ફેરફાર તો મેં વ્રતની સાથે જ કરી નાખ્યો. પત્નેની સાથે એક પથરી અથવા એકાંતનો ત્યાગ કર્યો. આમ જે બ્રહ્મચર્યનું ઈચ્છાએ અનિચ્છાએ ૧૯૦૦ની સાલથી હું પાલન કરતો આવ્યો છું તેનો વ્રતથી આરંભ ૧૯૦૬ના વચગાળેથી થયો.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે તબીબો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૭

ઈન્ડિયન રેડિયોલોજી એસોસિએશનના સભ્ય તબીબો દ્વારા ડૉ. અસીમ શાહ અને વિકલાંગ કમિશનર ડી એન પાંડેના નેતૃત્વમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવથી વધુ તબીબો આ ઉપક્રમમાં જોડાયા હતા. કાર્યક્ર માટે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આચાર્ય ઍલ વી રાતડિયા દ્વારા તબીબોને આવકાર આપવામાં આવ્યો હતો અને તેમની સાથે 'એક બાળક એક વૃક્ષ' શાળા વનીકરણ કાર્યક્રમની માહિતી વહેંચવામાં આવી હતી. સંયોજક નટુભાઈ લાડાણી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

### આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# પ્રેરણા વિદ્યાલયમાં 'રેડ ડે' ઉજવાયો



ગાંધીનગર, તા. ૭

આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલય દ્વારા બુધવારે 'રેડ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાલયમાં અભ્યાસ કરતાં ભૂલકાઓને શિક્ષકોએ લાલ રંગની વિવિધ વસ્તુઓ વિશે માહિતી આપી હતી. બાળકો લાલ રંગના પોષાકમાં સજ્જ થઈને શાળાએ આવ્યાં હતાં.

ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ આ ઉજવણીમાં સામેલ થઈ બાળકોને આશીર્વચન પાઠવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન બાલમંદિરના શિક્ષક હિનાબેન ત્રિવેદી અને સરસ્વતીબેન બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર